**વડીલોને વંદન**
**અભિનંદન**
**આજે જન્મદિવસ**



નારાયણભાઈ આર. ભોજક
(૧૯૩૬)મો.૨૩૨૩૧૦૯૨



હરસુખ વી. ઠાકર
(૧૯૪૭) ફોન : -

## અજાણ્યા પુરૂષનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૨૬

માણસા પોલીસ સ્ટેશનના બાબુજી તલાજીએ વિગતો આપતા જણાવ્યું છે કે, તા. ૧૩મી એપ્રિલ-૨૦૧૨ના રોજ કોઈ બિમારીના કારણે એક અજાણ્યા પુરૂષ ઉંમર વર્ષ ૫૦ને માણસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ૧૦૮ મોબાઈલ મારફતે દાખલ કરવામાં આવ્યા હતા. નાદુરસ્ત તબીયતથી વધુ સારવાર માટે તેમને માણસાથી સિવિલ ગાંધીનગરમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તા. ૧૯મી એપ્રિલ-૨૦૧૨ના રોજ ૮.૫૦ કલાકે અજાણ્યા પુરૂષનું અવસાન થયું હતું. જે શરીરે પાતળા બાંધાનો, રંગેશ્યામવર્ણ ધરાવતો તથા છાતીના ભાગે તલનુંનિશાન ધરાવતા હતા. સ્વર્ગસ્થના વાલી વારસ મળ્યા નથી.

### સ્પીડોમીટર મૂકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખવા સર્કલો પર સ્પીડોમીટર લગાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. સ્પીડોમીટરની આ યોજના અમદાવાદના અમુક વિસ્તારમાં સફળ રહી હોવાનું પણ અભ્યાસના અંતે ધ્યાને આવ્યું છે ત્યારે પાટનગરમાંપણ સર્કલોપર સ્પીડોમીટર મુકવા વિચારાઈ રહ્યું છે. જે અન્વયે ગતિમર્યાદા ઓળંગતા વાહનોના નંબર પણ કેમેરામાં કેદ થઈ જશે. તેમજ તેના આધારે વાહનચાલકો સામે કાર્યવાહી થઈ શકશે.

# મારા ગુજરાતના સમાજોનું કોઈ અંગ નબળું હોય એ મંજૂર નથી : મુખ્યમંત્રી

## ગાંધીનગરમાં પછાત કોમોના દલિતોના વિશાળ જનસમુદાયમાં મુખ્યમંત્રીનું અભિવાદન

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ



નિર્ધારપૂર્વક જણાવ્યું છે કે મારૂં ગુજરાત વિકાસમાં કયાંય નબળું રહે એ હરગીજ મંજૂર નથી રાજ્યના વિવિધ નબળા વર્ગોના જનસમૂદાયનું કોઈ અંગ નબળું ન રહે અને જન-જનના જીવનમાં ગુણાત્મક બદલાવ લાવવા આ સરકાર અવિરત પુરૂષાર્થ કરવાની છે.

ગાંધીનગરમાં આજે ગુજરાત રાજ્યના દલિતોમાં પણ અતિપછાત સમાજોની ૧૨ જેટલી જાતિઓના સંયુકત ઉપક્રમે મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે આ વર્ષે અનુસૂચિત જાતિ અંતર્ગત અતિપછાત સમાજો માટે અગાઉ રચાયેલા બેચર સ્વામિ અતિ પછાત સમાજ વિકાસ બોર્ડ નિગમમાં રૂપાંતર કરીને દલિતોમાં અતિપછાત સમાજોના આર્થિક ઉત્કર્ષની નવી તકો ઉપલબ્ધ કરી તેવા સ્તુત્ય નિર્ણય માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાવસભર અભિવાદન માટે રાજ્યભરના અતિપછાત દલિત સમાજો અને પ્રતિનિધિમંડળો ઉત્સાહ ઉમંગથી ટાઉન હોલમાં ઉમટયા હતા.

આ સન્માનમાં જે પ્રેમનું ઘોડાપૂર ઉમટયું છે તેનો પ્રતિસાદ આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પછાત અને નબળા જનસમૂદાયોમાં પણ વિકાસની નવી આશા આત્મવિશ્વાસ જાગેલા છે અને સરકાર આ પ્રેમનો પ્રતિભાવ જન-જનને વિકાસયાત્રામાં જોડીને આપી રહી છે.

જીવનમાં સમસ્યાઓ અને મુસિબતોનો સૌથી વધુ ભોગ ગરીબો વંચિતો જ બને છે. વર્ષોના વર્ષોથી ભૂતકાળમાં દુઃખ, અપમાન, ઉપેક્ષા સહન કરતા પછાત વર્ગોનો હાથ પકડવામાં અને મદદ કરવામાં અમારી સરકારે પ્રાથમિકતા આપી છે.

`અમારે દરેક વ્યકિતની વિકાસમાં ભાગીદારી અને વિકાસમાં સૌને લાભાર્થી બનાવવા છે ત્યાં સુધી વિકાસયાત્રા અટકવાની નથી એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ પછાત કોમોના સમાજોને અનુરોધ કર્યો હતો કે સરકારના આ ગરીબલક્ષી અભિગમને વિરોધીઓની વાંક-નજરે જોનારાને મન વિકાસને ઝંખતા પછાત જનસમૂહોની પીડા સ્પર્શતી નથી.



આ સરકારે સમાજના બધા જ વર્ગોને, ડો. આંબેડકરના અધૂરા સપના સાકાર કરવા સામાજિક સમરસતાથી વિકાસમાં જોડયા છે. હિંમતપૂર્વક, અનુસૂચિત જાતિના વિકાસ માટે બજેટમાંથી ૨૫ ટકા રકમ અતિ પછાત સમાજો માટે સીધી વાપરવાની સૂચના આપેલી છે તે આ સરકારની ઈચ્છાશકિતની પ્રતીતિ કરાવે છે.

શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડને સ્વાયત્ત નિગમ બનાવવામાં આવ્યું છે તેનો આનંદ વ્યકત કરતાં નિગમની વિવિધ સહાય પ્રવૃત્તિઓથી વંચિતોના વિકાસને નવી દિશા મળશે તથા સૌના સાથ સૌના વિકાસની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા સાકાર થશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેનશ્રી પુનમભાઈ મકવાણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

# ગરીબ બહેનોને આર્થિક રીતે સશક્ત બનાવવી છેઃ મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૬

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા ગુજરાતભરમાં ૨૬ તાલુકામાં યોજાઈ રહેલા ગરીબ કલ્યાણ મેળાના એક લાખ લાભાર્થીઓને આજે પ્રેરક સંબોધન કરતાં જણાવ્યું કે, ગરીબોમાં વિશ્વાસ બેસી ગયો છે કે સરકારી યોજનાના લાભો કાગળ ઉપર નથી રહેતા પણ જે કોઈ એના હક્કદાર છે તે ગરીબોને સીધેસીધા લાભ સરકાર પોતે પહોંચાડે છે.

આ વર્ષે ગરીબ કલ્યાણ મેળાઓ ૨૨૩ તાલુકામાં યોજાઈ રહ્યા છે અને તેમાં ૧૫ લાખ જેટલા લાભાર્થીઓને રૂા. ૧૨૦૦ કરોડના સરકારી લાભોનું વિતરણ થઈ રહ્યું છે તેના ભાગરૂપે આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, અગાઉના ત્રણ વર્ષોના ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાના કુલ ૫૮ લાખ લાભાર્થીઓમાંથી ૨૪.૫૦ લાખ તો ગરીબ મહિલા લાભાર્થી હતા.

મુખ્ય મંત્રીશ્રીએ આજે રૂા. ૧૭૬ કરોડના સરકારી લાભો મેળવનારા ગરીબોને નવા આત્મવિશ્વાસથી ગરીબી સામે લડવાની તાકાત આ નવી દશ વર્ષની વ્યવસ્થાથી મળી છે. અમારે ટૂકડા ફેંકીને ગરીબોને મૂર્ખ નથી બનાવવા એટલા માટે હજારો સરકારી કર્મયોગી સાથીઓ ગરીબોને શોધીને તેને લાભો પહોંચાડી ગરીબી સામે લડવા તૈયાર કરે છે એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગરીબીનો સૌથી મોટોબોજ અને મુસીબતનો ટોપલો સૌથી વધુ ગરીબ પરિવારની બહેનો ઉપર પડે છે. ગરીબ કુટુંબની માતૃશક્તિ, ગૃહિણી, નારીશક્તિ આખા પરિવારની સુખાકારીનો બોજ વહન કરે છે ત્યારે આ મહિલા શક્તિને નવી તાકાત મળે તે માટે તેને ઓશિયાળી જીંદગીમાંથી બહાર આવવાના વિશેષ અવસરો આપ્યા છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, સરકારી આવાસોની ફાળવણી હવે પરિવારની મહિલાના નામે કરાય છે. રાજ્યની સવા લાખ વિધવા, નિરાધાર મહિલાને અપાતી પેન્શન સહાય વધારી છે, સાથોસાથ તેને સ્વમાનભેર પગભર બનવા માટે ધંધા-વ્યવસાયની તાલીમ અને સાધન સહાય આપનારી આ સરકાર છે જેણે ૫૬,૦૦૦ વિધવા બહેનોને તાલીમ અને ૪૫,૦૦૦થી વધુ વિધવા બહેનોને સાધન સહાય રોજગારી માટે આપી છે.

# મુખ્યમંત્રી પોતાની સ્વપ્રસિધ્ધીના પ્રોજેકટ બંધ કરી ગુજરાતના સાચા વિકાસનાં કામો હાથ પર લે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ગુજરાતને દેવા તળે ધકેલી દેવાનું પાપ ભાજપના શાસન કર્તાઓએ કર્યું છે. ગુજરાતનું માથાદીઠ દેવું વધી રહ્યું છે. ત્યારે માથાદીઠ આવકમાં પણ ગુજરાતનું સ્થાન દેશમાં નીચે જઈ રહ્યું છે છતાં પણ ભાજપ સરકાર આંકડાની માયાજાળ રચીને વિકાસના આંકડાઓ રજુ કરીને ગુજરાતની પ્રજાને ગુમરાહ કરી રહી છે. હાલમાં એડીબી અને વિશ્વ બેંકની ૨૦૦૦ કરોડની લોન લીધી તે અંગેનું શ્વેતપત્ર બહાર પાડે.

શ્રી વ્યાસે વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં વહીવટી તંત્ર પ્રજાકીય કામો કરવાને બદલે સરકારની વાહ વાહ કરવામાં અને ખાસ કરીને મુખ્યમંત્રીની ચાપલુસી કરવામાં વ્યસ્ત છે. ગુજરાતના સચિવાલયમાં વિવિધ વિભાગોમાં ૭૦ હજાર કરતાં વધુ કર્મચારીઓની જગ્યા ખાલી છે. રાજય સરકારે કરકસરના નામને સરકારી નોકરી પર ૧૦ ટકા ભરતી કાપ મુકયો છે. જયારે બીજી બાજુ સરકારી તિજોરીમાંથી મુખ્યમંત્રી પોતાની પ્રસિધ્ધી ભુખ સંતોષવા કરોડો રૂપિયા વેડફી રહ્યા છે. રાજયનું વહીવટી તંત્ર લકવાગ્રસ્ત થઈ ગયું છે. ગુજરાતના વિવિધ વિભાગોમાં નાણાંકીય શિસ્ત અને નિયમોનું ઉલ્લઘંન થઈ રહ્યું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા સરકારી નાણાંનો દુર ઉપયોગ અને ગરીબ પ્રજાનું અપમાન બંધ કરોના સુત્રોચ્ચાર સાથે વ્યાપક દેખાવો કરતાં ગરીબ કલ્યાણ મેળાના બીજા રાઉન્ડમાં મુખ્યમંત્રી હાજર રહેવાને બદલે વીડીયો કોન્ફરન્સ દ્વારા ગરીબોની બેઈજતી કરી. ગુજરાતમાં માલેતુજાર અને માનીતા ઉદ્યોગપતિઓને રેડ કાર્પેટ પાથરીને મુખ્યમંત્રી કરોડો રૂપિયાની રાહત આપે છે જયારે ગરીબોને તેમના હક્ક આપવામાં ભાજપ સરકાર આંખ આડા કાન કરી રહી છે.

બંધારણીય વડા એવા નામદાર રાજયપાલ હિસાબ માંગે, કયાં તો જાહેર હિસાબ સમિતિ હિસાબ માંગે તેમાં ઠાગા-ઠૈયા કરવાવાળી આ સરકાર ગરીબ કલ્યાણ મેળાનો ખર્ચો ૩૧મી માર્ચની મધરાતે પાછલાં બારણે માર્ગ અને મકાન વિભાગ, અન્ય વિભાગો અથવા તો સ્થાનિક કોર્પોરેશનમાં મંડપ અને મોબીલાઈઝેશનના કરોડો રૂપિયા ઉધાર્યા છે. હજી આ સહી સુકાઈ નથી ત્યાં સામાજીક મેળાવડાઓ પણ પોતાની રાજકીય રોટલી શેકવા પહોંચી જાય છે. તેમાં પ્રતિસાદ ન મળતાં સમરસ પંચાયતનું તા. ૨જી મે ના રોજ સંમેલન બોલાવીને એ પેટે કરોડો રૂપિયાનો આંધણ કરવાની વિકૃત માનસિકતા ગુજરાત સરકાર ધરાવે છે. જો એમના હૈયે સાચા હૃદયથી ગુજરાતની અસ્મિતાની ચિંતા હોય તો આ બધા કુકર્મો બંધ કરી ગાંધી ચિંધ્યામાર્ગે પ્રજાની પીડા દુર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

કોંગ્રેસ પક્ષની માંગ છે કે, વિવિધ નાણાંકીય સંસ્થાઓ પાસેથી લીધેલ અપૂર્ણ અંગેની વિગતો જાહેર કરો અને ભાજપના શાસનના દસ વર્ષની નાણાંકીય સ્થિતિ અંગે શ્વેતપત્ર જાહેર કરવું જોઈએ.

## ધ કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

પાના નં. ૨૮૬ પર ભારત અંગેના સંખ્યાત્મક આંકડા છે. જે મૉન્ટફોર્ડ રિપોર્ટ (સેક્રેટરી ઑફ સ્ટેટ, મોન્ટેગ્યૂ અને ગવર્નર જનરલ ચેમ્સફોર્ડ ૮ જુલાઈ ૧૯૧૮ ના રોજ રજૂ કરી) માંથી લેવામાં આવેલા છે. જેમાં લખ્યું છે કે ૧૦૦૦થી વધુ જનસંખ્યા ધરાવતાં વિસ્તારને શહેર ગણી ડ્રેનેજ, વીજળી તથા પાણીની સુવિધા આપવી અને ઈંગ્લેન્ડની ૪/૫ આબાદી શહેરોમાં રહે છે જયારે બ્રિટિશ ભારતની ૨૪ કરોડ ૪૦ લાકમાંથી ૨૨ કરોડ ૬૦ લાખની વસ્તી ગામડાઓમાં વસે છે. જેમાંથી ૨૦ કરોડ ૮૦ લાખ લોકો ખેતી પર નભે છે.

પાના નં. ૨૮૮ પર અન્ય આંકડા છે. જેમાં ભારતનું કુલ ક્ષેત્રફળ ૧૮ લાખ સ્કૅવર માઈલ છે જે ગ્રેટ બ્રિટેનથી ૨૦ ગણું મોટું છે. ભારતમાં ૬૦૦ રાજા છે. બર્મા ફ્રાંસથી મોટું છે. અને બોમ્બે તથા મદ્રાસ રાજ્ય ઈટલીથી પણ મોટા છે.

૨૫ લાખ લોકો અંગ્રેજી બોલે છે. અર્થાત્ પ્રતિ હજાર પુરૂષોમાં ૧૬ લોકો અને દરેક હજાર સ્ત્રીઓમાં બે સ્ત્રીઓ જ...

આ આંકડાકીય માહિતી તત્કાલીન ભારતીય સ્થિતિનો એક અંદાજ પણ આપે છે...

ડાયરીનું અંતિમ પાનું ૨૮૮ છે જેનાં પર સુએઝ નહેર ખુલી ત્યારે (૧૯૬૯માં) ભારતની કુલ નિકાસ ૮૦ કરોડ રૂપિયા હતી જયારે ૧૯૨૫-૨૬, અને ૧૯૨૬-૨૭માં નિકાસની સરેરાશ ૩૫૦ કરોડ રૂપિયા હતી અને સૌથી સ્ટેચ્યુટરી કમિશન '(સાઈમન રિપોર્ટ)' નાં ૨૨માં પાનામાંથી લેવામાં આવી છે...

'...અને કામનો સૌથી મુશ્કેલ હિસ્સો હશે ઝુગ્ગી-ઝૂંપડીઓમાં રહેતા લોકોમાં દિમાગમાં કંઈક બહેતરની ઈચ્છા બેસાડવી.'

પાના નં. ૨૮૯ થી ૩૦૩ કોરા છે. ૩૦૪ નંબરના પાના પર ભગતસિંઘનાં હસ્તાક્ષર છે અને ૪૦૪ પાનાની નોટબુકનાં ૩૦૫ થી ૪૦૪ સુધીનાં ૧૦૦ પાના ગાયબ છે... એ પાનાઓનું શું થયું તે સમયની તવારિખમાં ખોવાયેલો એક પ્રશ્ન છે... જેનો જવાબ સમય જ આપી શકે છે...!

●●●

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ

●●●

(સમાપ્ત)

- ch9723367947@yahoo.com

## શબ્દાવલી - ૪૭૧૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | |
| | ■ | ■ | ૫ | ૬ | | | ■ |
| ૭ | ૮ | ■ | ૯ | | | ■ | ■ |
| ૧૦ | | ૧૧ | ■ | ■ | ■ | ૧૨ | ■ |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ |
| ૧૬ | | | ■ | | ■ | ૧૭ | |
| | ■ | ■ | ૧૮ | | ૧૯ | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

**આડી ચાવી**

૧. સુંદર આંખોવાળી (૪)
૩. વેપલો, ધંધો (૩)
૫. એક ફુલ છોડ, રાત્રે જેની સુગંધ ખૂબ ફેલાય તે ફૂલ (૪)
૭. વિશેષ, ગમે તે નહિ તેવું (૨)
૯. બળતરા, દાઝ (૩)
૧૦. ખોટો અવાજ કરવો (૩)
૧૩. કાબુમાં કરવું, .... કરવું (૨)
૧૪. કિંમત, મૂલ્ય (૨)
૧૬. જાળવણી (૩)
૧૭. કિનારે ઉતારવું, .... કરાવવું (૨)
૧૮. અસફળ, ફેલ (૩)
૨૦. સગા સંબંધીમાં જન્મ કે મરણ વગેરેથી પાળવામાં આવતી આભડછેટ (૩)
૨૧. બેસણું, ઉચાળા ભરી જવા તે (૪)

**ઊભી ચાવી**

૧. એક સુંદર પક્ષી (૪)
૨. નાખુશ, દુભાયેલું (૩)
૩. ઉજ્જડ, નિર્જન (૩)
૪. જળ (૨)
૬. તળિયુ, એક તેલીબીયા (૨)
૮. દાન, ધર્માદો (૪)
૧૧. પ્રજ્જવલિત, જળહળ પ્રકાશિત (૩)
૧૪. પાંઉ અને શાકની બનેલ એક વાનગી (૪)
૧૫. તેરમાના દિવસે કરાતી વિધિ (૪)
૧૬. જડ જેવું, અજ્જડ (૩)
૧૯. ધૂર્ત, પાખંડી (૨)

**શબ્દાવલી ૪૭૧૧ના જવાબ**

**આડી ચાવી :-** (૧) હિંમત (૩) ધડમૂળ (૫) કદડો (૭) કોહરામ (૯) ફુવડ (૧૦) વરદાન (૧૨) ગાન (૧૩) રસમ (૧૭) લખેસરી (૧૮) વીતરાગ (૧૯) કોમન

**ઊભી ચાવી :-** (૧) હિંચકો (૨) તકરાર (૩) ધડો (૪) મૂલવણી (૬) દમદાર (૮) હવન (૧૧) નસલ (૧૨) ગાજવીજ (૧૪) મખેહેમ (૧૫) તારીફ (૧૬) વૈરાગ્ય


**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર

**ફોન : ૨૩૨૨૨૫૭૧,**
**ફેક્સ : ૨૩૨૩૦૫૭૧**


## સમાચાર ઝલક

- ઓલપાડના સાયણમાં લાખો ઉઘરાવી નકલી ડોક્ટર છુમંતર
- અંકલેશ્વરમાં ચાર ગોડાઉનમાં ભીષણ આગ.
- સુરતમાં કોર્ટ બિલ્ડિંગ અને રેલવે સ્ટેશન પર બોમ્બ મુકાયાની અફવાથી પોલીસ દોડતી થઈ.
- આણંદ તાલુકાના સામરખા ખાતે પ્રેમિકાના અબોલા ન જીરવાતા પ્રેમી બન્યો પાગલ.
- મોડાસામાં ટોઈંગની કામગીરીને લઈ ભારે હોબાળો.
- સિરક્રીકથી ભારતમાં ઘૂસતા આઠ પાકિસ્તાનીઓ ઝડપાયા.
- વડોદરામાં કેલ્શિયમ કાર્બાઈડથી કેરીઓ પકવતી ૩૨ વખારો પર રેડ.
- અવન્તિકા એક્સપ્રેસમાંથી દોઢ લાખના દાગીનાની ચોરી.
- સુરતમાં આંગડિયા પેઢીના મેનેજરની રેલવે પ્લેટફોર્મ પર ગોળી મારી હત્યા.
- રાજકોટ મહાપાલિકા ઓફિસમાંથી દારૂની બોટલો મળતા ચકચાર.
- ભાવનગરમાં હિરાના કારખાનાના તાળા તોડી સવા લાખના હિરાની ચોરી.



જનસામાન્યની ફરિયાદનો સૂર સરકારી તંત્ર સુધી પહોંચાડવા માટેના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિશેષ કાર્યક્રમ સ્વાગત ઓનલાઈનની પુનઃ શરૂઆત કરવામાં આવી છે.

### વિશેષ અભિયાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

*જશે. જયાંથી મતદારોની નોંધણી માટેની પ્રક્રિયા બારે માસ ચાલુ રહેશે.*

*જેન્ડર રેસિયા અંગે તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં તે ૯૨૦ છે પણ ઘણા બુથોના અભ્યાસ પછી એવું જણાયું છે કે જિલ્લાના ૪૫૦થી પણ વધુ બુથોમાં સેક્સ રેસિયાનું પ્રમાણ ઘણું ઓછું છે. આથી મહિલા મતદારોની નોંધણી પર વિશેષ ભાર મુકવામાં આવશે.*

*તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ દ્વારા વ્યુહાત્મક મતદાર જાગૃતિ અને મતદારોની ભાગીદારીનો આ નવતર અભિગમ પહેલીવાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે.*

*મહિલા મતદારોની ગ્રામીણ વિસ્તારમાં ભારે વિસંગતતા નોંધણીમાં જોવા મળી રહી હોવાથી દૂધ મંડળીઓ પર પણ આ અંગેના પોષ્ટર અને હોર્ડિંગ્સ મુકવામાં આવશે.*

*જિલ્લાના ૪૫૦ બુથોમાં સેક્સ રેશિયો ઓછો જણાયો છે. તેમાં ગાંધીનગર (દ)માં ૯૮, ગાંધીનગર (ઉ)માં ૯૮, માણસામાં ૭૮, કલોલમાં ૮૮ અને દહેગામમાં ૮૯ બુથોનો સમાવેશ થાય છે.*

*કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં સાતથી આઠ હજાર જેટલા નવા મતદારોની નામ નોંધણી થશે તેવો અંદાજ છે. તેમણે જણાવ્યું હતું કે મતદારોની નોંધણી માટે મતદાર વિસ્તાર કક્ષાની ટીમ અને ગ્રામ્ય વિસ્તારની ટીમ એમ બે ટીમોનું પણ ગઠન કરવામાં આવશે. આ ઝુંબેશનું તેમની કક્ષાએથી સીધું મોનીટરીંગ કરશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.*

## ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

*(૨) નટુભાઇ દરજી : પેથાપુર*
*(૩) મહેશ એમ. જાદવ : સે-૩૦*
*(૪) સારા એમ. તિરમીજી : સે-૨૯*
*(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ*

### પૂછું એક સવાલ...?

*(૧) પ્રજાપતિ અંકિત ડી. : સે-૪થી*
*પ્રશ્ન - દુનિયાનો કયો દેશ સૌથી વધુ ઇસબગુલ પાઠવે છે?*
*જવાબ - ભારત*
*(૨) વિશ્વા બી. શાહ : સે-૨૦થી*
*પ્રશ્ન - સપ્તર્ષિ હંમેશાં કઇ દિશામાં જોવા મળે?*
*જવાબ - ઉત્તર*
*(૩) પટેલ કર્તન એલ. : સે-૨૩થી*
*પ્રશ્ન - ઓયામા જવાબમુખી કયા દેશમાં આવેલો છે?*
*જવાબ - જાપાન*
*(૪) પટેલ મિલન એ. : સે-૨૮થી*
*પ્રશ્ન - પટેલ મિલન એ. : સે-૨૮થી*
*જવાબ - પર્શિયા*
*(૫) વાઘેલા ઋતુરાજ બી. : સે-૨૦થી*
*પ્રશ્ન - ભારતના કયા શહેરના એરપોર્ટનું નામ કામરાજ છે?*
*જવાબ - ચેન્નઇ*

### આ સપ્તાહનો સવાલ...?

*બોફોર્સ તોપ સોદામાં કયા ભૂતપૂર્વ વડાપ્રધાન સંડોવાયા હોવાના આક્ષેપો થયા હતા?*

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર**

### સાચા જવાબો :-

[illegible]